ગાંધીનગર સમાચાર

**ટ્રકની પાછળ મીની પેસેન્જર બસ ઘુસી જતા એકનું મૃત્યુ**

## @ગાંધીનગર

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે ૫.૦૦થી ૮.૩૦ કલાક દરમિયાન પેપર ક્રાફટના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રીગોવર્ધનાથજીની હવેલી, સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન મરૂન જરદોશીના હિંડોળા યોજાશે.

● સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે કઠોળના હિંડોળા યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે ભરતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન બી-૫૦૩, પ્રમુખ એલેન્સ, રાયસણ ખાતે શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● દશામા યુવક મંડળ દ્વારા રાત્રે ૯ કલાકે સે-૨૪ (જ-૧) બ્લોક નં. ૪ પાસે આવેલ દશામાના મંદિર ખાતે માતાજીના ગરબા યોજાશે.

● સે-૨૩, સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે રાકેશભાઈ રાવલના નિવાસસ્થાન બ્લોક નં. ૨૧/૩, છ ટાઈપ ખાતે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● સે-૨૬ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા દિનેશભાઈ રાવલના નિવાસસ્થાન ૨૯૫/૨, કિસાનનગર ખાતે રાત્રે ૯ કલાકે શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શિવકથા તેમજ મીઠાઈના હિંડોળા યોજાશે.

● સે-૧ સમદર્શન આશ્રમ ખાતે શ્રાવણ માસ નિમિત્તે સાંજે ૬.૩૦થી ૮.૦૦ કલાક દરમિયાન વિષ્ણુ સહસ્ત્રનામ વિષય ઉપર પૂજય ગુરૂમા સમાનંદજી દ્વારા શ્રાવણી સત્સંગ કરાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા અતુલભાઈ ત્રિપાઠીના નિવાસસ્થાને પ્લોટ નં. ૪૦૦/૨, સે-૩-બી ખાતે લઘુરૂદ્રનો કાર્યક્રમ યોજાશે.

## શહેરમાં આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ ઉજવાયો





શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા આજે ડો. બાબાસાહેબ આંબેડકર હોલ, સે-૧૨ ખાતે ૨૨મા આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમગ્ર આદિવાસી સમુદાયને ઉજજવળ ભવિષ્ય પ્રાપ્ત થાય તે માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.





શહેરના વિવિધ મંદિરોમાં હિંડોળાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. સેકટર-૫-એ ના મહાદેવ મંદિર ખાતે ચોકલેટના હિંડોળા યોજાયા હતા. દર્શનાર્થીઓએ મોટી સંખ્યામાં તેનો લાભ લીધો હતો.

## ગુજરાત રાજય કર્મચારી મહામંડળ દ્વારા સાતમા પગારપંચ વિષયક નિષ્ણાતો માર્ગદર્શન આપશે

ગુજરાત રાજય કર્મચારી મહામંડળ દ્વારા તા. ૧૦ ઓગષ્ટને બુધવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે સે-૧૨, આંબેડકર ભવન ખાતે દ્વિતીય સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સાતમા પગારપંચની વિશેષ માહિતી જેવી કે પગાર બાંધણી વગેરે બાબતે જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે. આ કાર્યક્રમમાં સાતમા પગારપંચની વિસ્તૃત માહિતી બાબતે વિભાગોના નિષ્ણાતો દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે. જેથી તમામ કર્મચારી હોદેદારો તથા સંલગ્ન વિભાગોના પગાર પંચના જાણકાર નિષ્ણાતોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા મંડળના મહામંત્રી આર.એચ. પટેલે અનુરોધ કર્યો છે. મહામંડળના પ્રમુખ કાર્તિક ત્રિવેદી, મહામંત્રી ગિરિશભાઈ પટેલ અને ગિરિશભાઈ રાવલ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવશે.

## વાતવાતમાં

● સહયોગ મંડળ દ્વારા પીંડારડા ખાતેના આમ્રપાલી વૃધ્ધાશ્રમના ૩૫ વડીલોને તા. ૧૦ અને ૧૧ ઓગષ્ટ દરમિયાન ધાર્મિક પ્રવાસે લઈ જવામાં આવનાર છે. આ વડીલોને ગણેશપુરા, અરણેજ, ચોટિલા, દ્વારકા, નાગેશ્વર, ઓખા અને નવા રણુંજાનો પ્રવાસ કરાવવામાં આવશે.

● સે-૧૩માં છેલ્લા પાંચ સાત દિવસથી એક સાયકલ પર કરતબ બતાવનારે ધામા નાંખ્યા છે અને દર્શકો દંગ રહી જાય તેવા કરતબનું પ્રદર્શન કરી રહ્યો છે. કરતબકારને ૨૪ કલાક માટે જમીનમાં રહેવાનો કરતબ બતાવવા સોમવારે રાત્રે દર્શકોની હાજરીમાં જમીનમાં દાટવામાં આવ્યો છે. જેને મંગળવારે રાત્રે બહાર કાઢવામાં આવશે.

● શહેરમાં આગામી સપ્તાહે આવતી સળંગ ચાર પાંચ દિવસની રજાઓના પગલે સરકારી કર્મચારીઓ દ્વારા બહારગામ ફરવા જવા માટેના આયોજનો થવા લાગ્યા છે. સરકારી કર્મચારી ઉપરાંત અન્ય નગરજનો દ્વારા પણ આ રજાઓમાં નાના મોટા પ્રવાસોના આયોજનો હાથ ધરવામાં આવી રહ્યા છે.

● રાજયપાલ ઓમપ્રકાશ કોહલીના જન્મદિવસે રાજભવન ખાતે મેગા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧૫૦ રકતદાતાઓ રકતદાન કરવા માટે આવ્યા હતા. તેમાંથી ૩૧૦ રકતદાતાઓને વિવિધ કારણોસર રિજેકટ કરાયા હતા.

# ટ્રકની પાછળ મીની પેસેન્જર બસ ઘુસી જતા એકનું મૃત્યુ

**શેરથા હાઈવે પર ટોલટેક્ષ નજીક સાંજે બનેલી ઘટના : મીની બસ મુકીને ડ્રાઈવર ફરાર**

ગાંધીનગર, તા.૯

શેરથા ટોલટેક્ષ નજીક ગઈ સાંજે ટ્રક અને મીની પેસેન્જર બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર જતી ટ્રકની પાછળ બેફામ ગતિએ આવતી મીની બસ ઘુસી ગઈ હતી. આ અકસ્માતમાં મીની બસમાં બેઠેલા એક મુસાફરને ગંભીર ઈજાઓ થતા તેનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. ટ્રક ચાલકની ફરિયાદને આધારે મીની બસના ડ્રાઈવર સામે અડાલજ પોલીસે ગુનો નોંધ્યો છે. અકસ્માત બાદ મીની બસ મુકીને ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો.

પાટણના ભીલવાડા વિસ્તારમાં રહેતો ડ્રાઈવર અફઝલભાઈ રશુલખાન સિપાઈ ગઈ સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં ટ્રક નં. જીજે ૨૪ યુ. ૪૨૩૨ લઈને કલોલ હાઈવે પરથી પસાર થઈ રહ્યો હતો. તેની ટ્રક શેરથા ટોલટેક્ષ નજીક હાઈવે પર પહોંચી ત્યારે પાછળથી ધમધમતી આવતી જીજે ૫ ઝેડ ૪૪૫ નંબરની મીની પેસેન્જર બસ ટ્રકની પાછળ ઘુસી ગઈ હતી. પાછળથી ટ્રકને ધડાકાભેર મીની બસ ટકરાતા તેમાં બેસેલા એક પેસેન્જરને ગંભીર ઈજાઓ થવા પામી હતી. પાટણના ચાણસ્મા વિસ્તારના સમીસા ગામના પેસેન્જર જગજીવનભાઈ માધવલાલ પ્રજાપતિનું આ ઘટનામાં ગંભીર ઈજાઓને કારણે કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. અકસ્માત સર્જાયા બાદ મીની બસનો ડ્રાઈવર બસ મુકીને ફરાર થઈ ગયો હતો. ટ્રક ડ્રાઈવરની ફરિયાદના આધારે અડાલજ પીએસઆઈ આઈ.ટી. દેસાઈએ મીની બસના ડ્રાઈવર સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.



ગાંધીનગર લાયોનેસ કલબ દ્વારા સે-૬ના ક્રિષ્ના વૃધ્ધાશ્રમ ખાતે ફ્રેન્ડશીપ ડેની ઉજવણી કરવામાં આવી હતી. કલબની બહેનો દ્વારા વૃધ્ધાશ્રમના વડીલોને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધી તેમને જયુસનું વિતરણ કરવામાં આવ્યું હતું. વૃધ્ધાશ્રમના વૃધ્ધોને મિત્રો બનાવી તેમની સાર સંભાળ લેવાના હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રેસિડેન્ટ દેવલબેન જોષી, સેક્રેટરી મીતલ રાણા તેમજ કલબની બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

## થાનગઢ હત્યાકાંડ સંદર્ભે કારોબારી સમિતિની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૯

ગુજરાત અનુસૂચિત જાતિ અત્યાચાર સંઘર્ષ સમિતિ-ગાંધીનગર દ્વારા થાનગઢ હત્યાકાંડ અને ઉના અત્યાચારના બનાવો સંદર્ભે આગામી તા. ૨૧ ઓગષ્ટને રવિવારના રોજ સમગ્ર ગુજરાત રાજયના અનુસૂચિત જાતિ સમાજનું એક મહાસંમેલન અને મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેના સુવ્યવસ્થિત આયોજન અને તેના પ્રચાર-પ્રસાર માટેની પત્રિકાની વહેંચણી અંગે વિચારણા કરવા તા. ૧૧ ઓગષ્ટના રોજ બપોરના ૨.૦૦ કલાકે સે-૬, સત્યાગ્રહ છાવણી ખાતે સમિતિના કારોબારી સભ્યો તેમજ હિતચિંતકોની એક બેઠક યોજાશે. બેઠકમાં તમામ હોદેદારો, કારોબારી સભ્યોને હાજર રહેવા કન્વીનર ભરતસિંહ ચૌધરી દ્વારા જણાવાયું છે.

## નવગુજરાત કોમર્સ કોલેજ ગાંધીનગરમાં પ્રેઝન્ટેશન સ્પર્ધા યોજાઈ



નવગુજરાત કોમર્સ કોલેજ ગાંધીનગરમાં પ્રેઝન્ટેશન સ્પર્ધાનું આયોજન કરાયું હતું. વિદ્યાર્થીઓને 'સ્માર્ટ સીટી' અથવા 'ઈ એડવર્ટાઈઝમેન્ટ'માંથી કોઈ પણ એક વિષય પર પાવર પોઈન્ટ સ્લાઈડ સાથે પોતાના વિચારો પ્રસ્તુત કરવાના હતા. પ્રોફેસર શ્રી વિશાલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કુલ પાંચ ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન મોદિ અવિનાશ, પરમાર હર્ષ અને ચમાડીયા સુફીયાનની ટીમે કર્યું હતું. કોલેજના આચાર્ય શ્રી વી.એલ. ગોસ્વામીએ વિજેતાઓને ઈનામ તથા અન્ય સપર્ધકોને સર્ટીફીકેટનું વિતરણ કરી પ્રોત્સાહીત કર્યા હતા.

## માધ્યમિક-ઉચ્ચતર મા. શાળા વ્યાયામ શિક્ષક સંઘ મહામંડળના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૯

ગુજરાત માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળા વ્યાયામ શિક્ષક સંઘ મહામંડળની સાધારણ સભા યોજાયેલ હતી. જે શ્રી કે.કે. પટેલ તથા શ્રી વિરસંગભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં પ્રમુખ તરીકે શ્રી રણજિતસિંહ એસ. વાઘેલા-અમદાવાદ ગ્રામ્ય-સ્વસ્તિક હાઈસ્કૂલ-ખેડા-તા. સાણંદ જી. અમદાવાદ અને મહામંત્રી તરીકે શ્રી ચૌધરી રમેશકુમાર-ગાંધીનગર ગ્રામ્ય વખારિયા પી.જે. હાઈસ્કૂલ-કલોલની વરણી કરવામાં આવી છે.

## ચિલોડા ખાતે બાળ તંદુરસ્ત હરિફાઈ યોજાઈ

ચિલોડા, તા.૯

ચિલોડા મોટા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પ્રાંતિયા તથા પેટા આરોગ્ય કેન્દ્ર ચિલોડાના સંયુકત ઉપક્રમે બાળ તંદુરસ્ત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં તંદુરસ્ત બાળકનું વજન, જન્મતારીખ, ઉંમર, પ્રસુતા માતાની સ્વચ્છતા, બાળકની સ્વચ્છતા અને તંદુરસ્તી, કુટુંબ કલ્યાણ, ઝાડા ઉલટી અંગે ઘરગથ્થું ઉપચાર વગેરે બાબતો ધ્યાનમાં લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઝાડા નિયંત્રણ પ્રોગ્રામ હેઠળ ઓરલ રીહાઈડ્રેશન સોલ્ટસ આઈ.પી. (ઓ.આર.એસ.) વિષે



મહિલાઓને સમજાવ્યું હતું. આ પ્રસંગે તા. ૧-૮-૨૦૧૬ થી તા ૮-૮-૨૦૧૬ દરમિયાન સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રાંતિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર, વી.એમ. ગોહિલ-સુપરવાઈઝર, કંચનબેન એસ. પટેલ ફિમેલ હેલ્થ વર્કર, જસ્મીન ડી. પટેલ તથા તમામ આશાવર્કર બહેનો આંગણવાડી તેડાગર બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગામની મહિલાઓએ બાળકો સાથે ભાગ લીધો હતો.

## સેન્ટ્રો કારની અડફેટે સાયકલ ચાલક યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સરખેજ હાઈવે પર બેફામ ગતિએ જઈ રહેલી સેન્ટ્રો ગાડીના ચાલકે એક સાયકલને અડફેટે લઈ લેતા સાયકલ ચાલક યુવાનનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. મૃતકના કાકાની ફરિયાદને આધારે અડાલજ પોલીસે સેન્ટ્રો કારના ચાલક સામે ગુનો દાખલ કરી કાર નંબર આધારે આરોપી ડ્રાઈવર સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ અડાલજ સ્થિત વિસત ફાર્મમાં રહેતા નવઘણભાઈ ધમાભાઈ દેવીપૂજકનો ૨૮ વર્ષીય ભત્રીજો મુકેશ ચંદુભાઈ દેવીપૂજક ગઈ કાલે પોતાની સાઈકલ લઈને જઈ રહ્યો હતો તે દરમિયાન એસ.જી. હાઈવે પર બેફામ ગતિએ નિકળેલી સેન્ટ્રો ગાડીએ તેની સાયકલને અડફેટે લઈ લીધી હતી. આ અકસ્માતમાં સાયકલ ચાલક યુવાન મુકેશ દેવીપુજકનું ઘટના સ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલીસે સાયકલ ચાલક યુવાનનો મૃતદેહ પીએમ કરાવી મૃતકના કાકા નવઘણભાઈની ફરિયાદ લઈ જીજે ૦૯ એમ. ૯૩૨૧ નંબરની સેન્ટ્રોના ચાલક સામે ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. પીએસઆઈ પી.આર. ભેટાલીયાએ ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.



શહેરના સ્વચ્છ-સુંદર માર્ગો રખડતાં ઢોરો માટે જાણે વિહારનું સ્થળ બની ગયા છે. અનેક પ્રયત્નો છતાં રખડતાં ઢોરોનો ત્રાસ દુર કરી શકાયો નથી.

## ઈસી ડિપાર્ટમેન્ટ દ્વારા 'આર્ડયુઈનો ઈન્ટરફેસિંગ' વિષય ઉપર વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૯

સેકટર-૧૫ ખાતે આવેલી વીપીએમપી પોલીટેકનીકમાં 'આર્ડયુઈનો ઈન્ટરફેસિંગ' વિષય ઉપર સંસ્થાના ઈલેકટ્રોનિકસ એન્ડ કમ્યુનિકેશન્સ ડીપાર્ટમેન્ટ અને ઈન્ડિયન સોસાયટી ફોર ટેકનીકલ એજયુકેશન સ્ટુડન્ટ ચેપ્ટર દ્વારા એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના અધ્યાપકો ધર્મેશ પટેલ અને વિપુલ પટેલે વિષય નિષ્ણાત તરીકે સેવા આપી હતી. વર્કશોપના ઉદઘાટન પ્રસંગે એલડી કોલેજ ઓફ એન્જીનિયરીંગ ખાતે ઈલેકટ્રોનિકસ એન્ડ કમ્યુનિકેશન્સ ડિપાર્ટમેન્ટના વડા પ્રોફે. ઉષા નિલકંઠન અને સરકારી ઈજનેરી કોલેજ ગાંધીનગર ખાતેના ઈલેકટ્રોનિકસ એન્ડ કમ્યુનિકેશન્સ ડિપાર્ટમેન્ટના વડા પ્રોફે. કે.જી. માવડીયા ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં એલડી કોલેજ ઓફ એન્જિનીયરીંગ અમદાવાદ, સરકારી ઈજનેરી કોલેજ ગાંધીનગર અને સરકારી ઈજનેરી કોલેજ પાટણના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# શહેરમાં ફોરેન એકસચેન્જ ડેરિવેટિવ્ઝ પર વકતવ્ય યોજાયું

**અશ્વિભાઈ કોમર્સ કોલેજ ખાતે નિશિથ સંઘાણીનું માહિતીપ્રદ પ્રવચન**



ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ ખાતે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. આજે કોલેજના એમ.કોમ. સેમ-૩માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે તેમના મહત્વના વિષય એકાઉન્ટન્સી અંગે નિષ્ણાતોનું બે દિવસીય વકતવ્ય આયોજિત કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત વ્યવસાયે કંપની સેક્રેટરી નિશિથ સંઘાણીએ વિદ્યાર્થીઓને મહત્વનું માર્ગદર્શન પુરું પાડયું હતું.

નિશિથ સંઘાણીએ ફોરેન એકસચેન્જ માર્કેટ તથા ફોરેન એકસચેન્જ ડેરિવેટિવ્ઝ , ફયુચર એન્ડ ઓપ્શન, ફોરવર્ડ કોન્ટ્રાકટર જેવા વિષયોની તલસ્પર્શી છણાવટ કરી હતી. એકાઉન્ટન્સીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આ વિષયે માહિતગાર થવું એ આજના યુગની માંગ છે. વૈશ્વિકરણના પગલે ભારતીય રોકાણકારો વિશ્વના બજારોમાં રોકાણો કરવા લાગ્યા છે જે રીતે વૈશ્વિક રોકાણકારો માટે ભારતીય બજારો પણ હંમેશા આકર્ષક રહ્યા છે. આ સંજોગોમાં ફોરેન એકસચેન્જ માર્કેટમાં ડેરિવેટીવ્ઝ, એફએન્ડઓ અને ફોરવર્ડ કોન્ટ્રાકટ જેવી સુવિધાઓને કોમર્સના વિદ્યાર્થીઓએ સમજવી અત્યંત જરૂરી થઈ પડે છે. નિષ્ણાંત વ્યાખ્યાતા નિશિથ સંઘાણીએ આ અંગે વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન પુરું પાડવા સાથે વિદ્યાર્થીઓના સવાલોના સંતોષકારક જવાબો આપી તેમની જિજ્ઞાસા સંતોષી હતી. આ બે દિવસીય એકસ્પર્ટ લેકચરનું આયોજન કોલેજના આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ ડૉ. જિજ્ઞેશ પટેલ તથા પ્રા. નીના ગણેશન દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

## લેકાવાડા સમસ્ત ગ્રામજનો દ્વારા રાસ-ગરબા યોજાશે

ગાંધીનગર જિલ્લાના લેકાવાડા ગામ ખાતે આગામી તા. ૧૧ ઓગષ્ટના રોજ જાગરણ નિમિત્તે સમસ્ત ગ્રામજનો દ્વારા રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રે ૯.૦૦ કલાકે લેકાવાડાના દશમાના મંદિરમાં રાસ ગરબા યોજાશે. લેકાવાડા સમસ્ત ગ્રામજનો તથા નરેન્દ્રસિંહ વાઘેલા દ્વારા તમામ ભાવિક ભકતોને જાગરણ નિમિત્તે રાસ ગરબાનો લાભ લેવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. હિંમાશું લાલશંકર જાની, ઉ.વ.૫૫
- સ્વ. શણગારબા તખુજી ચાવડા, ઉ.વ.૭૫
- સ્વ. છત્રસિંહ અલજી વાઘેલા, ઉ.વ.૮૦
- સ્વ. બાલાભાઈ નેનાભાઈ વાઘેલા, ઉ.વ.૬૮
- સ્વ. જયાબેન વિનોદભાઈ રાજપૂત, ઉ.વ.૮૨
- સ્વ. પ્રજાપતિ છગનભાઈ નાગજીભાઈ, ઉ.વ.૭૯